स्थापना : १९४६ फोन : 26589766

# श्री बृहद् गुजरात संस्कृत परिषद्

शेठ श्री र. मो. भा. संस्कृत भवन, दिनेश होल नजदीक, गांधी पूल, अहमदाबाद-३८०००९.

प्रमुख :
मा. श्री एम. एस. परीख
नि. न्यायमूर्तिश्री, हाईकोर्ट, गुजरात

कुलपति :
मा. श्री परिमल नथवाणी
सांसदश्री

उपप्रमुख :
प्रा. डो. चन्द्रकान्त एच. महेता
श्री सुरेशचन्द्र एन. शेलत
श्री अरविन्दभाई जे. साहेबा

प्रधानमन्त्री :
प्रा. श्री सुरेशचन्द्र ज. दवे

सहमन्त्री :
श्री घनश्याम मा. त्रिवेदी
प्रि. श्री डी. पी. दीक्षित

कोषाध्यक्ष :
पं. श्री धनशङ्कर गौ. वैद्य

**અખબારી યાદી**

## શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદના કાર્યાલયનો જીર્ણોદ્ધાર થશે

## પરીક્ષા ફીમાં ઘટાડો કરવાનો નિર્ણય

## પરિષદ પ્રમુખ શ્રી એમ. એસ. પરીખ અને કુલપતિ શ્રી પરિમલ નથવાણીની ઉપસ્થિતિમાં કારોબારીનો નિર્ણય

મે ૮, ૨૦૧૨ : છેલ્લાં ૬૬ વર્ષથી અમદાવાદ શહેરમાં સાબરમતીને કિનારેથી સમગ્ર રાજ્યમાં મક્કમ પગલે દેવભાષા સંસ્કૃતના પ્રચાર, પ્રસાર અને શિક્ષણનું કાર્ય કરતી શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષંદના જર્જરિત કાર્યાલયનું પરિસર અને ભવન ટૂંક સમયમાં નવીન ઇન્ટિરિયર તથા સાજ-સજ્જા સાથે તૈયાર થશે. શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદની કારોબારી સમિતિની ૪ મે ૨૦૧૨ ના રોજ યોજાયેલી બેઠકમાં આ નિર્ણય જાહેર થયો. પરિષદ પ્રમુખ નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી એમ.એસ.પરીખ અને નવા વરાયેલા કુલપતિ શ્રી પરિમલ નથવાણીની નિશ્રામાં યોજાયેલી આ બેઠકમાં પરિષદના પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા.

કુલપતિ શ્રી પરિમલ નથવાણીએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિનું મને ગૌરવ છે અને તે રીતે સંસ્કૃત ભાષાની ગરિમા, મહત્તા અને ઉપયોગિતા અંગે હું સભાન છું. દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ તેમજ આદ્ય શંકરાચાર્ય દ્વારા સ્થાપિત દ્વારકા શારદાપીઠ તથા નાથદ્વારા ટેમ્પલ બોર્ડ જેવી સંસ્થાઓ સાથે નિકટતાથી સંકળાયેલો હોવાથી આપણા પ્રાચીન ગૌરવ સમાન સંસ્કૃત ભાષાના પ્રચાર, પ્રસાર અને શિક્ષણ કાર્યને બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદના માધ્યમથી વેગ આપવા માટે હું કૃત સંકલ્પ છું. શ્રી નથવાણીએ પોતાના સ્થાનેથી પરિષદના આગામી તમામ કાર્યોમાં સક્રિયતાથી સંલગ્ન રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. જેને ઉપસ્થિત સુજ્ઞજનોએ ઉમળકાથી આવકાર્યો.



Website : www.shribruhadgujaratsanskritparishad.org E-Mail : info.b.g.s.parishad@gmail.com

બેઠકના પ્રારંભે પરિષદના પ્રધાન મંત્રી પ્રા. સુરેશચન્દ્ર દવે અને સહમંત્રી શ્રી ઘનશ્યામ ત્રિવેદીએ કુલપતિશ્રી અને પરિષદ પ્રમુખનું પુષ્પ-ગુચ્છથી સ્વાગત કર્યું. બેઠકમાં ઉપસ્થિત વયોવૃદ્ધ રાજવૈદ્ય સંસ્કૃત વિદ્વાન પં. શ્રી ધનશંકર ગૌરીશંકર વૈદ્યનું પણ પરિષદ વતી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત વિધિ બાદ પરિષદની પ્રવૃત્તિઓનો અહેવાલ અને વાર્ષિક હિસાબો મંજૂર કરવામાં આવ્યા. પરિષદના વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજ-પત્રમાં પરિષદની અંદાજીત આવક રૂા. ૨૧.૦૨ લાખ તથા અંદાજીત ખર્ચ રૂા. ૨૮.૨૬ લાખ અને રૂા. ૭.૨૪ લાખની ખાધ દર્શાવવામાં આવી.

પરિષદની કારોબારી સમિતિમાં પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઈને પ્રાચીન વિભાગીય પરીક્ષાની ફીમાં ઘટાડો કરવાનું, પ્રચારકોના પુરસ્કારમાં વધારો તથા પરીક્ષકોના પારિશ્રમિકોમાં સુધારો અને પુસ્તકો પર અપાતા ડિસ્કાઉન્ટમાં વધારો કરવાનું ઠરાવવામાં આવ્યું.

બેઠકમાં હાજર સભ્યોમાંથી પરિષદને આર્થિક તેમજ અન્ય રીતે સુદ્રઢ કરવામાં પોત પોતાની રીતે ફાળો આપવાની જાહેરાત કરવામાં આવી હતી અને તે અંગેનાં સલાહ સૂચનો ઉપર વિચાર વિમર્શ કરવામાં આવ્યો.

કુલપતિશ્રીએ જે રીતે પોતાની અતિવ્યસ્ત કામગીરીમાંથી પરિષદને સમય ફાળવી પરિષદનાં કાર્યોને સુદ્રઢ કરવામાં પોતે ઉપલબ્ધ રહેશે અને સક્રિય રીતે આર્થિક તેમજ અન્ય પ્રદાન કરશે તેવી જાહેરાત કરી હતી, જે બદલ પરિષદ વતીથી તેમના પ્રત્યે આભાર કરવામાં આવ્યો.

★ ★ ★